# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/કવા–૦૧/૧૭–૧૮/ ૫૫૨૬ તા. 29/05/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સેઝોન પેપર પ્રાઈવેટ લીમીટેડ,
૮–અ નેશનલ હાઈવે, લખધીરપુર રોડ,
સર્વે નંબર – ૧૫૬/ પૈકી,
ભારત મીનરલ ની નજીક,
કાલીકા નગર ની બાજુમા,
મોરબી –૩૬૩ ૬૪૨
મો: ૯૯૭૯૪ ૦૦૩૭૭

વિષય :–રીફંડ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૦/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 06 / D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૦/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૪–૦૬–૧૭ | સ્થળ : મોરબી |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સેઝોન પેપર પ્રાઈવેટ લીમીટેડ, ગામ: મોરબી**

**રજુઆત કરનાર: અરજદાર મે. સેઝોન પેપર પ્રાઈવેટ લીમીટેડ ના નરેન્દ્રભાઈ રણછોડભાઈ ઘમસાણીયા,પ્રતિનીધી તરીકેહાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી**

**રજુઆત કરનાર :આર.સી.પટેલ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, મોરબી)**

## : હુકમ :

**ફરીયાદ : રીફંડ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગ્રાહક નં. : ૩૩૧૩૦ વાળા એચ.ટી. જોડાણ ( સીડી ૧૮૦૦ કેવીએ), જે અગાઉ તા.૧૩–૧૨–૧૬ ના રોજ ચાલુ થયેલ છે. |
| ૧.૨ | આ જોડાણ મા જોડાણ ચાલુ માહે ડિસેમ્બર–૧૬ નુ, ડિસેમ્બર માસ માટે ના તા.૧૩–૧૨–૧૬ થી તા.૧૫–૧૨–૧૬ સુધી ના, ૦૩ દિવસ ની ગણતરી એ વીજબીલ આપવાને બદલે, પીજીવીસીએલ ની વિભાગીય કચેરી મોરબી તરફથી, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એચ.ટી. જોડાણ ની બીલીગ પ્રણાલી મુજબ નુ બીલીગ, જે, પ્રત્યેક માસ ની ૧૬ તારીખ થી, ત્યારબાદ ના બીજા માસ ની ૧૫ તારીખ સુધી ના સમયગાળા માટે કરવાની જોગવાઈ મુજબ, રૂ.૨,૮૦,૪૦૩/– ની ગણતરી એ બીલીગ થયેલ છે. આ ગણતરી મુજબ, તેઓ શ્રી નુ જોડાણ, જે ખરેખર તા.૧૩–૧૨–૧૬ ના રોજ ચાલુ કરાયેલ હોય – એટલેકે ડિસેમ્બર–૧૬ ના માસ ના, તા.૧૩–૧૨–૧૬ થી તા.૧૫–૧૨–૧૬ સુધીના ૦૩ દિવસ ની ગણતરી મુજબ જ કરવુ જરૂરી હોવા છતા, પીજીવીસીએલ તરફથી આ મુજબ ની, ડિસેમ્બર–૧૬ ના માસના ૦૩ દિવસ ની ગણતરી એ બીલીગ ન કરતા, '' માહે ડિસેમ્બર–૧૬ ના સંપુર્ણ માસ ની ગણતરીએ થતા, ફીકસચાર્જની રકમ રૂ.૨,૮૦,૪૦૩/– '' મુજબ નુ સવાલવાળુ, જે બીલીગ થયેલ છે. જેથી, ડિસેમ્બર–૧૬ ના માસ નો ''સંપુર્ણ માસ નો ફીકસચાર્જ '' જે, સદર બીલ મા વસુલ થયેલ છે. જે ખરેખર – ડિસેમ્બર માસ ના ૦૩ દિવસ નો ફીકસચાર્જ વસુલ કરવાની બાબત નિયમાધીન હતી. |
| ૧.૩ | ઉપરોકત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે નુ, માહે ડિસેમ્બર–૧૬ નુ બીલ, જે ડિસેમ્બર–૧૬ ના સંપુર્ણ દિવસો ને બદલે, ૦૩ દિવસ ની ગણતરી એ કરવા માટે ની તેઓ શ્રી એ, અગાઉ પીજીવીસીએલ મા અનુક્રમે તા.૦૧–૦૪–૧૭ અને તા.૨૦–૦૪–૧૭ ના રોજ ની લેખીત રજુઆતો આપી, અને સદર માહે ડિસેમ્બર–૧૬ નુ બીલ, રીવાઇઝ ગણતરી મુજબ કરી આપવાની લેખીત વિનંતીઓ કરેલ હતી. આ સમય દરમ્યાન, સદર માહે ડિસેમ્બર–૧૬ ના બીલ નો ગ્રેસ પીરીયડ – જે ૧૦ દિવસ નો પીરીયડ પુરો થયેલ હતો. તેમ છતા, સદર ૧૦ દિવસ પહેલા તેમનુ બીલ રીવાઈઝ થયેલ ન હતુ. અને પીજીવીસીએલ તરફથી સદર બાબતે, '' ડીલે પેમેન્ટ ચાર્જ વસુલ '' થયેલ હતો. |
| ૧.૪ | પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા, નામદાર જીઈઆરસી ના, નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૩૨ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' બીલીગ બાબતે ગ્રાહક ની, ગ્રેસ પીરીયડ પુરો થયા પહેલા, રજુઆતો મળે, અને તે રજુઆતો સાચી ઠરે, તો રીવાઇઝ બીલ દિન–૦૫ મા જ આપી, અને રીવાઇઝ બીલ આપ્યા પછી થી, રીવાઇઝ બીલ ની તારીખ થી પછી ના ૧૦ દિવસ ગ્રેસ પીરીયડ આપવાની જોગવાઈ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ના સાચી અને વ્યાજબી એવી વાંધાજનક અરજીઓને ધ્યાને લીધા વગર, તેમના માહે ડિસેમ્બર–૧૬ ના બીલ મા ડીલે પેમેન્ટ ચાર્જ વસુલ કરેલ છે. તદ ઉપરાંત, માહે ડિસેમ્બર–૧૬ ના બીલ ની ગણતરી '' જે ૦૩ દિવસ ના ફીકસચાર્જ ની ગણતરી એ રીવાઇઝ કરેલ નથી. '' તેઓ શ્રી ની મુખ્ય માંગણી, જે સદર રીવાઇઝ ગણતરી એ થતી, અને અગાઉ વસુલ થયેલ એવી વધારાની રકમ, જે મે–૧૭ ના બીલ મા, ૨૪% વાર્ષિક વ્યાજની ગણતરી હેઠળ '' જમા મેળવવા માટે, તેઓ કાયદેસર ના હકકદાર છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | પીજીવીસીએલ મા પ્રવર્તમાન એચ.ટી. જોડાણ ની બીલીંગ પ્રણાલી મુજબ નુ બીલીંગ – જે, પ્રત્યેક માસ ની ૧૬ તારીખ થી, ત્યારબાદ ના બીજા માસ ની ૧૫ તારીખ સુધી ના સમયગાળા માટે કરવાની જોગવાઈ છે. આવી પીજીવીસીએલ ની બીલીંગ પ્રણાલી અન્વયે ની જોગવાઈ હેઠળ જ, અરજદાર શ્રી ના સદર એચ.ટી. જોડાણ નુ, પ્રથમ બીલીંગ, જે માહે ડિસેમ્બર–૧૬ ના માસની ૧૬ તારીખ થી, ત્યારબાદ ના માસ ની ૧૫ તારીખ સુધીના સમયગાળા માટે ની ગણતરી એ થતી એવી – '' માહે ડિસેમ્બર–૧૬ ના સંપુર્ણ માસ ની ગણતરીએ થતા, વીજવપરાશી યુનીટ માટે, તેમજ ડિમાન્ડ ચાર્જ ની રકમ, પ્રતિ માસ ના ધોરણે વસુલાત પાત્ર હોય, જેથી સદર બીલ મા, માહે ડિસેમ્બર–૧૬ ના માસ ની, ડિમાન્ડ ચાર્જ ની ગણતરી એ થતી રકમ વાળુ, સદર માહે ડિસેમ્બર–૧૬ ના માસનુ, કુલ ગણતરી એ થતી એવી રૂ.૨,૮૦,૪૦૩/– '' ની રકમ નુ જ બીલીંગ થયેલ છે. આમ, અરજદાર શ્રી નુ સદર જોડાણ તા.૧૩–૧૨–૧૬ થી ચાલુ થયેલ છે, જેથી તા.૧૩–૧૨–૧૬ થી તા.૩૧–૧૨–૧૬ સુધી ના કુલ ૧૯ દિવસ નો ડિમાન્ડ ચાર્જ, જે સવાલવાળા બીલ મા વસુલ થયેલ છે, જે ડિમાન્ડ ચાર્જ ની રકમ, પ્રતિ માસ ના ધોરણે વસુલાત પાત્ર હોય, તે મુજબ ની ગણતરીએ જ, વસુલ થયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી શ્રી ની, માહે ડિસેમ્બર–૧૬ ના બીલ મા – સંપુર્ણ માસ ના '' ડિમાન્ડ ચાર્જ – ફીક્સચાર્જ '' ની ગણતરી બાબતેની ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ – જે '' વર્ષ–૧૫–૧૬ ના ટેરીફ ઓર્ડર ના – પાર્ટ–૨ – હાઈટેન્સન જોડાણો માટે ના બીલીંગ ટેરીફ '' ના મથાળા હેઠળ વર્ણવેલ એવા મુદ્દા નં. ૧૩ ના, ખાસ કરીને, મુદ્દા નં.૧૩.૧ ના પેટા મુદ્દા નં. ૧૩.૧.૧ મા વર્ણવ્યા મુજબ ની માર્ગદર્શક જોગવાઈ અંતર્ગત ની હોય, ફોરમ કમિટી ને ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. |
| ૩.૨ | ખાસ કરીને, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ ને આનુષાંગીક રહેતા, એ જણાયેલ છે કે, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે ખરેખર તા.૧૩–૧૨–૧૬ થી ચાલુ થયેલ છે. જેથી, જોડાણ ચાલુ થયા પછી ના પ્રથમ એવુ – અરજદાર શ્રી ને અપાયેલ એવુ સવાલવાળુ – માહે ડિસેમ્બર–૧૬ નુ બીલ – કે જેમા તા.૧૩–૧૨–૧૬ થી તા.૧૫–૧૨–૧૬ સુધી ના, માહે ડિસેમ્બર–૧૬ ના માસ ના કુલ ૦૩ દિવસ ની, ''માસીક ધોરણ હેઠળ ના ડિમાન્ડ ચાર્જ / ફીક્સચાર્જ ની ગણતરી હેઠળ આવરી લઈ અને તે મુજબ'' પ્રોરેટા ની ગણતરીએ થતી એવી રકમ સાથે નુ જ – સવાલવાળુ માહે ડિસેમ્બર–૧૬ નુ બીલ આપવાની જોગવાઈ, – જે ''વર્ષ–૧૫–૧૬ ના ટેરીફ ઓર્ડર ના – પાર્ટ–૨ – હાઈટેન્સન જોડાણો માટે ના બીલીંગ ટેરીફ '' ના મથાળા હેઠળ વર્ણવેલ એવા મુદ્દા નં. ૧૩ ના, ખાસ કરીને, મુદ્દા નં.૧૩.૧ ના પેટા મુદ્દા નં. ૧૩.૧.૧ મા વર્ણવ્યા મુજબ ની માર્ગદર્શક જોગવાઈ હેઠળ આવરી લેવુ જરૂરી છે, – તેમજ, આવી સમાન બાબત ના, અગાઉ નામદાર વિદ્યુત લોકપાલ શ્રી તરફથી અપાયેલ એવા – '' મે. સેઝોન પેપર મીલ પ્રાઈવેટ લીમીટેડ ''ના અપીલ કેઈસ ના '' લોકપાલ શ્રી ના '' હુકમ નંબરઃ ઓમ્બુડસમેન/ઓર્ડર/કેસ નં.–૩૨/ ૨૦૧૭/૧૦૬ તા.૦૫.૦૬.૧૭ ના – મુદ્દા નં. ૪.૩ ના મથાળા હેઠળ મા વિસ્તૃત પણે કરાયેલ બાબતો મુજબ ની વિગતે પણ – નિયમાધીન રીતે યોગ્ય અને વ્યાજબી હોય,સદર માહે ડિસેમ્બર–૧૬ નુ બીલ, '' જે ડિમાન્ડ ચાર્જ / ફીક્સચાર્જ ની પ્રોરેટા '' મુજબ ની, ૦૩ દિવસ ની ગણતરીએ થતી રકમ હેઠળ ની ગણતરી અન્વયે નુ, કુલ રકમ નુ, માહે ડિસેમ્બર–૧૬ નુ બીલ આવરી લેવુ જરૂરી છે. જેથી સદર સવાલવાળુ માહે ડિસેમ્બર–૧૬ નુ બીલ, આ મુજબ ની – એટલેકે '' માહે ડિસેમ્બર માસ ના ડિમાન્ડચાર્જ / મીનીમમચાર્જ ની રકમ'' – માત્ર ૦૩ દિવસ ના પ્રોરેટા ની ગણતરીએ – અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, ૧૦ દિવસ મા જ રીવાઇઝ કરી, અને અરજદાર ને આપી, તફાવતીય રકમ ની ગણતરી એ થતી રકમ, જે હવે પછી ના બીલ મા – જે, આખરી ગણતરી એ થતી – ''માત્ર આખરી ગણતરી ની રકમ જ હવે પછી ના બીલ મા '' – જમા આપવા પાત્ર રકમ દર્શાવી – અને તે મુજબ સદર જોડાણ ના બીલીંગ ખાતામા આખરી જમા પાત્ર રકમ જમા આપવાની કાર્યવાહી કરવા બાબતે નો – સદર કેઈસ ના – સદર મુદ્દે, પીજીવીસીએલ ને આદેશ આપવા સબબ નો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૩</u> | આમ, ઉપરોક્ત મુદ્દા નં.૩.૨ મુજબ ની વિગતેની, ફરીયાદી અરજદાર શ્રી એ અગાઉ, પીજીવીસીએલ ની વિભાગીય કચેરી મા, તા.૦૧–૦૪–૧૭ અને તા.૨૦–૦૪–૧૭ ની, વ્યાજબી ધોરણ હેઠળ ની લેખીત રજુઆતો આપેલ હોવા છતા – પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની, સદર લેખીત ફરીયાદ અરજીઓ મા દર્શાવેલ એવી '' જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા નિયત થયેલ બાબતો ને '', ધ્યાને લીધા વગર – એટલેકે અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા, '' માહે ડિસેમ્બર–૧૬ ના માસ ના બીલ ને, નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૭૨ મા કરાયેલ જોગવાઈ હેઠળ આવરી લઈ, અને અરજદાર ની સદર લેખીત રજુઆત પછી ના ૦૫ દિવસ મા – સદર માહે ડિસેમ્બર–૧૬ નુ રીવાઇઝ બીલ, જે અરજદાર શ્રી ને, જે તે સમયે તુરંત જ નિયમાધીન રીતે આપવાની બાબત, પીજીવીસીએલ માટે યોગ્ય હોવા છતા – પીજીવીસીએલ તરફથી તે મુજબ નુ રીવાઇઝ બીલ, જે અરજદાર ને તુરંત જ આપેલ નથી. તેમજ, સદર રીવાઇઝ બીલ ની તારીખ થી, પછી ના ૧૦ દિવસ સુધીનો ગ્રેસ પીરીયડ પુરો થયા બાદ જ, '' વિલંબીત ચાર્જ '' વસુલ કરવાની બાબત, '' જીઈઆરસી ની સદર ધોરણ હેઠળ ની જોગવાઈ અંતર્ગત ની'' હોવા છતા – પીજીવીસીએલ તરફથી, તે મુજબ ની કાર્યવાહી ન કરતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા, માહે ડિસેમ્બર–૧૬ ના રીવાઇઝ કરાયા પહેલાના મુળ બીલના ૧૦ દિવસ ના ગ્રેસ પીરીયડ પછી – જે સવાલવાળી ડીલે પેમેન્ટ ની રકમ વસુલ કરાયેલ છે. પીજીવીસીએલ ની આ કાર્યવાહી, ફોરમ કમિટી ને વ્યાજબી જણાયેલ નથી. જેથી, સદર સવાલવાળી '' ડીલે પેમેન્ટ ની રકમ '' અરજદાર શ્રી ના બીલીગ ખાતામા જમા આપવાની બાબત, ફોરમ કમિટી ને યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી સદર વસુલ થયેલ એવી સવાલવાળા ડીલે પેમેન્ટ ની રકમ, અરજદાર ના સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા આપવા સબબ નો, સદર કેઈસ ના – સદર મુદ્દે, પીજીવીસીએલ ને આદેશ આપવા સબબ નો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની મુખ્ય વિગત ને આનુષાંગીક રહીને, અને મુદ્દા નં. ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે ની કાર્યવાહી, જે અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, ૧૦ દિવસ મા જ, અરજદાર શ્રી ને ખાસ લેખીત પ્રત્યુતર પત્ર પાઠવીને – કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.